**ક્રિ.કેસ.નં.૪૬૬૩/૨૦૦૩**

**જુગાર ધારા કલમઃ૪,૫ અન્વયે આરોપીની ગુના કબુલાત અન્વયે હુકમ.**

।૧। ચાર્જશીટ તથા સાથેના પેપર્સ, આરોપીઓની ગુનાની કબુલાત વંચાણે લીધી, આરોપી/ આરોપીના વકીલશ્રીને સાંભળ્યા. આરોપી સામે જુગાર ધારા કલમઃ૪,૫ મુજબના ગુનાનુ તહોમત આ અદાલતમા રજુ કરવામા આવ્યુ છે. આ કામનુ રેકર્ડ તથા પેપર્સ ધ્યાને લેતા સદરહુ આરોપીએ અન્ય આરોપીઓએ જાહેર જગ્યામા પોતાના ફાયદા સારુ પૈસા પાનાથી નાણાની હારજીતનો જુગાર રમી રમાડતા, આરોપી મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલા, તે પૈકી આ કામના સદરહુ આરોપીઓ આજરોજ જાતે કોર્ટમા હાજર થઈ તેની સામેના ગુનાનો સ્વીકાર કરી તે મતલબની પુરસીસ આપી છે. વધુમાં આરોપી તરફે રજુઆત કરવામા આવી છે કે, તેની સામેના ગુનાનો સ્વીકાર કરી, તે મતલબની પુરસીસ આપી છે. વધુમાં આરોપીઓ તરફે રજુઆત કરવામા આવી છે કે તેની સામેના આ પ્રથમ ગુનો છે અને અજાણતાથી ઈરાદા વગર ગુનો થયો છે, તેમના પર કુટુંબની ભરણપોષણની જવાબદારી છે. જેથી તેની પર દયા રાખી ઓછી રકમનો દંડ કરવા રજુઆત કરી છે.

।૨। આરોપીએ આજરોજ સ્વૈચ્છાએ ગુના કબુલાતની પુરસીસ આપી છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે, અજાણતાથી ગુનો થયેલ છે, તેમના ઉપર આર્થીક અને કાટુંબીક તથા સામાજીક જવાબદારી છે, તેમજ આ તબકકે એ ધ્યાને લેવુ જરુરી છે કે, કાયદામા ઠરાવેલી નિયત સજા કરવામા આવે અને આરોપીને જેલની સજા કરવામા આવે તો ન્યાયતંત્રના સીધ્ધાંત મુજબ અન્ય આરોપીની સોબતના કારણે ખરાબ અસર થાય. પરંતુ આ કામે આરોપી એ પોતાના લાભ સારુ અન્ય આરોપી સાથે મળી આચરેલ ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા તે અંગે કાયદામા ઠરાવેલી સજા, તથા તેની આર્થિક, સામાજીક પરિસ્થિતીને તથા તેના કુટુંબની જવાબદારીને ધ્યાને લેતા, આરોપીઓને હળવી સજા કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાય તે છે. જેથી ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

આ કામના પ્રત્યેક આરોપી નં. ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૫,૧૭,૧૮,૨૦, અને ૨૨ ને જુગારધારા કલમ : ૪,૫ મુજબના ગુનામાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ :૨૫૨ અન્વયે દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેક આરોપીને કુલ રુ.૭૫૦/–નો દંડ ભરવાનો હુકમ કરવામા આવે છે. જો આરોપી દંડ ના ભરે તો દિવસ– ૨(બે) ની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી કોર્ટમા વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

અમદાવાદ

તા. ૩૦–૦૩–૧૯

એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૭,
અમદાવાદ.

<u>આંક:૧ લગત હુકમ.</u>

રેકર્ડ ધ્યાને લેતા,આ કામના આરોપી વિરુધ્ધ નોધાયેલ પોલીસ ફરીયાદના અનુસંધાને તપાસના અંતે હાલનું ચાર્જસીટ રજુ થવા પામેલ છે. ચાર્જસીટ રજુ થયા બાદ આ કામના આરોપી નં.૯,૨૧,૨૩ અને ૨૪ નાઓને સમન્સ/વોરંટ જારી કરતા મળી આવતા નથી  નતેવા શેરા સાથે પરત ફરેલ છે. જયારે આરોપી ન.૧૬ અને ૧૯ મરણ ગયેલ છે.આ કામે આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાનું સ્વરુપ ધ્યાને લેતા સમન્સ ટ્રાયલ પ્રકારનો નજીવી સજાને પાત્ર ગુનાનો આરોપ છે. ફરીયાદ પક્ષને આરોપી રજુ કરવા પુરતી અને વ્યાજબી તક પુરી પાડવા છતાં આરોપતીને રજુ કરી શકેલ નથી. આ કામના આરોપી ટુંક સમયમાં મળી આવે તેવી કોઈ જ શકયતા જણાતી નથી. અને કેસ છેલ્લા ધણા સમયથી પેન્ડીંગ પડી રહેલ છે. આ કામના અન્ય આરોપીઓએ ગુના કબુલાત પુરસીસ આપતા નજીવો દંડ કરી મુકત કરેલ છે. તથા આરોપી નં.૯,૨૧,૨૩,અને ૨૪ છેલ્લા ધણા સમયથી કસ કાર્યવાહી નો સામનો કરી રહેલ છે. તે સંજોગોમા તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૫૮ ની જોગવાઈઓ ધ્યાને લેતાં આરોપી વિરુધ્ધની હાલની ઈન્સાફી કાર્યવાહી પડતી મુકી આરોપીને મુકત કરવા હુકમ કરવામાં આવે છે.

આ કામે આરોપી તરફે કોઈ રોકડ રકમ જામીનગીરી તરીકે જમા કરાવી હોય તો ત સરકાર ખાતે ખાલસા કરવી.

કોઈ મુદ્દામાલ હોય અને અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો આથી કાયમ કરવામાં આવે છે. તેમજ મુદ્દામાલ નાણાં સરકાર ખાતે જમા અને બીનકિંમતી મુદ્દામાલ નો નાશ કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાચી સમજાવી જાહેર કર્યો.

તા.૩૦/૩/૧૯

એડી.ચીફ.મેટ્રો.મેજીસ્ટ્રેટ
કોટ નં.૭,અમદાવાદ.